બિઝનેસ Utility

બજારને લગતાં રોજબરોજના ભાવની વધઘટ નીચે મુજબ છે.

બુલિયન માર્કેટ

કીમતી ધાતુ અમદાવાદ		કીમતી ધાતુ (ડોલરમાં)	
ચાંદી મોરલા	71000-72500	સોનું	1888.20
ચાંદી રૂપું	70800-72300	ચાંદી	27.88
સોનું (99.9)	49900-50300	કોમેક્સ સોનુ	1889.30
સોનું (99.5)	49700-50100	કોમેક્સ ચાંદી	27.83
હોલમાર્ક	49295	પ્લેટિનમ	1178.40
જૂના સિક્કા	575-775	પેલેડિયમ	2790.60

(આ.રા. ભાવ ફ વાગ્યા સુધીના)

અમદાવાદ તેલબજાર

અમદાવાદ તેલબજાર		વનસ્પતિ થી	1900-2200
અમ.તલીયા ટી	2600	કોપરેલ	3100
દિવેલ	1850	સોયાબીન નવા	2450-2500
કપાસીયા	2420	સનફલાવર	2750-2840
કપાસીયા નવા	2570-2520	મોલુ સસ્પીયુ	2500

કરન્સી રેટ્સ

અમેરીકન ડોલર	72.96	સ્વીસ ફ્રાંક	81.35
પાઉન્ડ સ્ટર્લિંગ	103.30	જાપાનીઝ યેન	67.08
કેનેડીયન ડોલર	60.47	સાઉદીઝ યુઆન	11.36
યુરો	89.16	ઓસ્ટ્રેલિ. ડોલર	56.51

ચીમનભાઈ પટેલ માર્કેટ

બટાકા દેશી	120-180	કોબી	80-240
બટાકા ડિસા	160-240	ટમેટા	140-280
દું.સૌરાષ્ટ્ર	160-260	દુધી	100-360
દું.મહારાષ્ટ્ર	200-360	કાકડી	200-750
રીંગણ	200-600	ગિલોડા	400-1300
રવૈયા	200-900	લીંબુ	300-500

માર્કેટ મોનિટર

કંપની	બંધ		તફાવત
બીએસઈ સેન્સેક્સ	50,651.90	▲	0.22%
CNX નિફ્ટી	15,197.70	▲	0.15%
સીએનએક્સ 500	12,962.45	▲	0.35%
બીએસઈ -100	15,463.23	▲	0.24%
બીએસઈ -200	6,569.99	▲	0.29%
બીએસઈ -500	20,637.80	▲	0.34%

BSE ટોપ 5 ગ્રૂપ બી

સૌથી વધુ ફાયદાવાળા શેર

કંપની	બંધ		તફાવત
ટ્રિગ્નન ટેક્નોલોજીસ લિમિટેડ	100.80	▲	20.00%
રોમાડ્ડ એન્ટરટેન લિમિટેડ	115.35	▲	19.97%
ઓરિએન્ટર હોટેલ્સ લિમિટેડ	36.15	▲	19.90%
MEP ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેલ.લિ.	23.60	▲	19.80%
પ્રકાશ પાઈપ્સ લિમિટેડ	159.45	▲	16.39%

વધુ નુકસાનવાળા શેર

કંપની	બંધ		તફાવત
સોલિલ ઈન્ક્રા રિસોર્સેઝ લિમિટેડ	144.35	▼	7.20%
ઈન્ટેક્ષ ટેક્નોલોજીસ લિમિટેડ	54.10	▼	7.04%
કેમ ફેક્ષ આલ્કલાઈઝ લિમિટેડ	149.20	▼	7.04%
એમકે એલાયન્સ ફાઈ. સર્વિસ લિ.	72.70	▼	6.56%
આરતી સરફેક્ટન્ટ લિમિટેડ	1471.30	▼	5.99%

બ્રાન્ડ ઈન્ડેક્સ

કંપની	બંધ		તફાવત
ઓટો	23,182.28	▲	0.07%
બેન્કેક્સ	39,626.57	▲	0.87%
સીડી	32,593.81	▼	-0.27%
સીજી	22,385.71	▲	1.40%
એફએમસીજી	12,906.39	▼	-0.28%
એચસી	24,605.88	▲	0.54%
આઈટી	26,717.28	▼	-0.03%
મેટલ	18,530.73	▼	-0.60%
ઓઈલ એન્ડ ગેસ	16,074.44	▲	1.72%
પાવર	2,878.67	▲	1.89%
રીયાલ્ટી	2,588.28	▲	1.47%
ટેક	11,901.29	▼	-0.16%

ખાંડ બજાર

અમદા. M30	3500-3650	ગુજ. S30	3100-3150
અમદા. S30	3400-3500	કોલ. M30	3130-3200
ગુજ. M30	3150-3200	કોલ S30	3100-3150

મુંબઈ ધાતુ બજાર

કોપર વાયર ભંગાર	666	ઝિંક	228
કોપર ભંગાર ભારે	657	લીડ	170
કોપર આર્મિચર	638	ટિન	2180
કોપર વાયર બાર	525	એલ્યુ.વાસણ ભં.	137
એલ્યુ.ઈંગોટ	175	નિકલ	1415
કોપર શીટ કટિંગ	627	બ્રાસ શીટકટિંગ	465

ન્યૂઝ ઇન બોક્સ

એગ્રિડેક્સમાં ઘટાડોઃ સરસવ તથા સોયાતેલમાં ઊંચા વેપાર

મુંબઈ| હાજર બજારોમાં માત્ર ૨૨ર પુરતી લેવાલી તથા વાયદામાં ૨૭૫ પારચવાળી મથામણના કારણે વેપારો પાંખા હતા. આજે કૃષિ કોમોડિટીનાં વાયદા કારોબારમાં એકંદરે વધઘટે અઠવાયા હતા. એનસીડેક્સ ખાતે પણ ઈન્ડેક્ષ થોડા સુધારા સાથે બંધ રહ્યો હતો. આજે એગ્રિડેક્સ સવારે ૧૪૨૮.૦૦ અંક સાથે ખુલ્યો હતો અને સાંજે ૧૪૩૩.૧૦ અંક પર બંધ રહ્યો હતો. આ ઉપરાંત ઈન્ડેક્સનાં વાયદાનાં ભાવ સવારે ૧૪૨૨.૨૫ અંક ખુલી ઉચામાં ૧૪૨૨.૨૫ જ્યારે નીચામાં ૧૪૨૨.૨૫ થઈ સાંજે ૧૪૨૨.૨૫ અંક પર બંધ રહ્યા હતા. એગ્રિડેક્સમાં ઉંબા ઓળિયા એક રહ્યા હતા. આજે ગુવાર કોમ્પ્લેક્ષ ઘટ્યા મથાળે બંધ રહ્યા હતા તથા સોયા કોમ્પ્લેક્ષના ભાવ વધ્યા મથાળે બંધ રહ્યા હતા. એનસીડેક્સ ખાતે આજે સરસવનાં વાયદા કારોબાર ૪૦૯ કરોડ રૂપિયાનાં વેપાર રહ્યાં હતાં.

બિઝનેસ ભાસ્કર

400 પોઈન્ટની સાંકડી વધઘટ વચ્ચે વોલ્યૂમ સંકળાયા, ઓઈલ, પાવર અને રિયાલ્ટી સુધર્યા

નિફ્ટી 15200 નજીક, સેન્સેક્સ 111 પોઈન્ટ સુધર્યો, Mcap રૂ.218.94 લાખ કરોડની ટોચે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

સતત ઘટી રહેલા કોવિડ કેસો અને પ્રોત્સાહક કોર્પોરેટ પરીણામો તેમજ ઈન્ડિયન ઈકોનોમિમાં સુધારાના સંકેતો પાછળ ભારતીય શેરબજારોમાં સુધારાની આગેકૂચ કરી હતી. જોકે, આજે વોલ્યૂમ અને વોલેટિલિટી બન્ને ઘટેલાં રહ્યા હતા. 400 પોઈન્ટની સાંકડી વધઘટના અંતે સેન્સેક્સ 111.42 પોઈન્ટના સુધારા સાથે 50651.90 પોઈન્ટ બંધ રહ્યો હતો. સેકટોરલ્સ પૈકી બેન્કેક્સ 0.87 ટકા, ફેમિલિ ગુડ્સ 1.40 ટકા, ઓઈલ 1.72 ટકા, પાવર 1.89 ટકા, રિયાલ્ટી 1.47 ટકા, મિડકેપ 0.86 ટકા અને સ્મોલકેપ 0.79 ટકા સુધર્યા હતા. જોકે, ટેલિકોમ ઈન્ડેક્સ 0.93 ટકા ઘટ્યો હતો. આજના સુધારામાં બીએસઈ માર્કેટકેપ રૂ. 218.94 લાખ કરોડની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું છે.

નિફ્ટી 15200ની સપાટી ઉપર ટકી રહે તે જરૂરી

ટેકનિકલી જોઈએ તો નિફ્ટી હાયર હાઈ હાયર લો છેલ્લા બે સેશનથી દર્શાવી રહ્યો છે. તે ઉપરાંત તેના રેઈલી ચાર્ટ ઉપર બુલિશ પેટર્ન જોવા મળી છે. જેમાં 15200 કોલ થતાં 15300, 15431ની સપાટીઓ સહેલાઈથી હાંસલ થઈ શકે છે. તે માટેની એકમાત્ર શરત છે કે, નિફ્ટીએ 15100ની સપાટી સળંગ 3 દિવસ જાળવી રાખવી રહી. નીચામાં 15000 અને 14900ની સપાટી મહત્વની ટેકાની ગણીને ટ્રેડિંગ સ્ટ્રેટેજી ગોઠવવા સલાહ મળી રહી છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા આજે સેન્સેક્સ પૈકમાં સ્ટાર પરફોર્મર રહ્યો હતો. શેર રૂ.10.95 (2.73 ટકા) ઉછળતા સાથે રૂ. 400ની સપાટી વટાવી રૂ. 412.05ની સપાટીએ બંધ રહ્યો હતો. બેન્ક માર્ચ ક્વાર્ટરમાં રજૂ કરેલા પ્રોત્સાહક પરીણામો તેમજ અન્ય બેન્કસની પણ પ્રોત્સાહક કામગીરીના પગલે બજાર નિષ્ણાતો એવો સૂર વ્યક્ત કરી રહ્યા છે કે, કોવિડ-19ની કાર્ડિસિસ વચ્ચે પણ બેન્કોના એનપીએ લેવલમાં ઘટાડો અને માર્જિન્સમાં સુધારો દર્શાવે છે કે, આગામી વર્ષે એસેટ ક્વિલેટમાંનો આઉર્ધ્વ સુધારો જોવા મળી રહ્યો છે. તેના પગલે માર્કેટમાં સાર્વત્રિક સુધારાની ચાલ ઘટતી.

માર્કેટપ્રેઝ્રઘ પોઝિટિવ: બીએસઈ ખાતે કુલ ટ્રેડ 3386 પૈકી 1967 સ્ક્રીપમાં સુધારો અને 1250 સ્ક્રીપમાં ઘટાડો નોંધાયો હતો. જે દર્શાવે છે કે, માર્કેટપ્રેઝ્રઘ પોઝિટિવ રહેવા સાથે માર્કેટ સેન્ટિમેન્ટ વેલ્યુ બાઈંગનું રહ્યું છે. સેન્સેક્સ પૈકની 30 પૈકી 15 સ્ક્રીપમાં સુધારો રહ્યો હતો. તે પૈકી લાર્સન 1.74 ટકા, એક્સિસ બેન્ક 1.40 ટકા, પાવરગ્રીડ 1.21 ટકા, આઈટીસી 1.17 ટકા, મારૂતિ 1.09 ટકા સુધર્યા હતા. જોકે, ટાઈટન, ઈન્ડસઈન્ડ બેન્ક, મહિન્દ્રા, એચયુએલમાં ઊંચા મથાળે પ્રોફીટ બુકીંગ જોવા મળ્યું હતું. 370 સ્ક્રીપમાં વર્ષની ટોચ અને 47 સ્ક્રીપમાં વર્ષની બોટમ જોવા મળી હતી. 513 સ્ક્રીપમાં તેજીની અને 218 સ્ક્રીપમાં મંદીની સર્કિટ વાગી હતી.

ડોલર સામે રૂપિયો 13 પૈસા નરમ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો 13 પૈસાની નરમાઈ સાથે રૂ. 72.96ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન ડોલરની રેન્જ 72.98- 72.86ની રહી હતી.

એફઆઈઆઈની લેવાલી શરૂ: વિદેશી નાણાકીય સંસ્થાઓની આજે રૂ. 585.36 કરોડની નેટ ખરીદી રહી હતી. તેના સામે સ્થાનિક સંસ્થાઓની જોકે, રૂ. 707.69 કરોડની નેટ વેચવાલી રહી હતી.

ચાંદી ઝડપી ઉછળી રૂ.73000 નજીક, સોનું 50500 નજીક

અમદાવાદ| બુલિયન માર્કેટમાં તેજીની ચાલ જળવાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી ઉછળી 28 ડોલરની સપાટી નજીક 27.88 ડોલર ક્વોટ થઈ રહી છે જ્યારે સોનું 1900 ડોલર નજીક 1888 ડોલર ક્વોટ થઈ રહ્યું છે. વૈશ્વિક બજારની સાથે સ્થાનિક બજારમાં પણ મજબૂતી રહી છે. અમદાવાદ ખાતે ચાંદી ઝડપી 73000 નજીક રૂ.72500 બોલાઈ ગઈ છે. જ્યારે સોનું 50500 નજીક 50300 બોલાઈ રહ્યું છે. નવી દિલ્હી ખાતે સોનું વધી 48015 અને ચાંદી 70998 રહી હતી. જ્યારે મુંબઈ ખાતે ચાંદી 71075 અને સોનું 48472 ક્વોટ થઈ રહ્યું છે. સોના-ચાંદીની સાથે પ્લેટિનમ તથા પેલેડિયમમાં પણ તરફી ચાલ રહી છે. હાજર બજારની સાથે વાયદામાં પણ મજબૂત સ્થિતી રહી હતી.

સોવરિન ગોલ્ડ બોન યોજના 2021-22 હેઠળનો બીજો હપ્તો ગઈકાલથી શરૂ થઈ ચૂક્યો છે. જેની ઈશ્યુ પ્રાઈસ ગ્રામદીઠ રૂ. 4,842 નક્કી કરવામાં આવી છે. 28મે સુધી તેમાં રોકાણ માટે અરજી કરી શકાશે. ઓનલાઈન અરજી કરનારા રોકાણકારોને સરકારે પ્રતિ ગ્રામ રૂ.50ની છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

વાર્ષિક ધોરણે 13-14 ટકા રોકાણકારોને રિટર્ન છૂટતા આકર્ષણ

ગોલ્ડ ETFમાં એપ્રિલમાં 864 કરોડ, વર્ષમાં 3200 કરોડનું રોકાણ આવ્યું

એમેઝિટી બિઝેટર | અમદાવાદ

રોકાણકારોનો ટ્રેન્ડ ફિક્સિડ સ્કીમ પેપર રોલર તરફ છેલ્લા ઢોક વર્ષથી સતત વધી રહ્યો છે. સોનાની કિમતોમાં ફરી તેજી જોવા મળતો તેવા અહેવાલે રોકાણકારોનો ટ્રેન્ડ બદલાયો છે. ગોલ્ડ સેવિંગ ફંડ્સ અને ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) એ કોવિડ -19 ના બીજા લહેરના પગલે નાનિમિત આર્થિક વાતાવરણ વચ્ચે એપ્રિલમાં રૂ.864 કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું છે. મ્યુચ્યુઅલ ફંડના સિનિયર ફંડ મેનેજરે જણાવ્યું કે આ અનિશ્ચિત સમયમાં રોકાણકારોના પોર્ટફોલિયોમાં કિમતી ધાતુની ફાળવણીમાં સકારાત્મક પ્રવાહ ચાલુ રહેવાની ધારણા છે.

મોર્નિંગસ્ટાર ઈન્ડિયા દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ અનુસાર એપ્રિલ મહિનામાં સોનામાં સેવિંગ્સ, ભંડોળ અને સોનાના ઈટીએફ અનુક્રમે રૂ.184 કરોડ અને રૂ.680 કરોડની ઉમેરો થયો છે. સમગ્ર 2020-21 દરમિયાન સોનાના ભંડોળમાં રૂ.3,200 કરોડનો નેટ ઈનફ્લ્યો જોવા મળ્યો છે. "ચાલુ વર્ષ કોરોના વાયરસના કેસોમાં જંગી વૃદ્ધિના કારણે એસેટ ક્લાસ તરીકે સોનું વર્તમાન વાતાવરણમાં સારું પ્રદર્શન કરી રહ્યો છે. તેનાથી રોકાણકારોએ એસેટ ક્લાસમાં ઉત્સાહ જાળવી રાખ્યો છે. વધુમાં, કાર્યક્રમ ગોલ્ડ ઈટીએફ અથવા ગોલ્ડ સેવિંગ ફંડ્સ પર સ્વિચ કરીને તેમની ગોલ્ડ હોલ્ડિંગને ઓપ્ટિમાઈઝ કરવાનું પસંદ કર્યું છે. જેનાથી તેઓ તેમના ઘરની સલામતી જળવી શકે છે અને તેઓ ઈચ્છે ત્યારે સોનું ખરીદવા અને વેચવા સક્ષમ બનાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ સાધનોનાં વાર્ષિક ધોરણે સીએજીઆરનું રિટર્ન 13-14 ટકા છે, જે છેલ્લાં પાંચ વર્ષમાં 8 ટકાથી વધુ રહ્યું છે. મોર્નિંગસ્ટાર ભારતના શ્રીવાસ્તવે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં રોકાણનું વાતાવરણ એસેટ ક્લાસ તરીકે સોના માટે અત્યંત અનુકૂળ છે. 2019 થી ઉત્તમ પ્રદર્શન કર્યું, પરિણામે ગોલ્ડ ઈટીએફ અને ગોલ્ડ ફંડ્સને ત્રણ-પાંચ વર્ષના ગાળા દરમિયાન પ્રભાવશાળી વળતર આપવામાં મદદ મળી છે.

લોનની ગેરંટી આપતાં પ્રમોટર્સ વિરુદ્ધ પ્રક્રિયા શરૂ કરવા મંજૂરી

બિઝનેસ સંવાદદાતા | નવીદિલ્હી

દેશની સુપ્રીમ કોર્ટે કંપનીની લોનમાં ખાનગી ગેરંટી આપતાં પ્રમોટર્સ સામે ઈન્સોલ્વન્સી પ્રક્રિયા શરૂ કરવા મંજૂરી આપી છે. આ પ્રમોટર્સ સામે ઈન્સોલ્વન્સી કાર્યવાહી કરાશે, જે લોન લેતી વખતે ગેરંટી આપતા હતા, પરંતુ જો તેઓ લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા, તો તેઓ કંપનીને નાદારી જાહેર કરી પોતાની જવાબદારીમાંથી છટકી જતાં હતાં. સુપ્રીમ કોર્ટે ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી કોડની સૂચનાની માન્યતાને સમર્થન આપ્યું છે, જે બેન્કો અને નાણાકીય સંસ્થાઓને આઈબીસી હેઠળ દેવાની વસુલાત માટે દેવાદાર કંપનીઓ સામે પગલા લેવા સમર્થ બનાવે છે. નિષ્ણાંતોના મતે છેલ્લા કેટલાક વર્ષોમાં બેંકોની ખરાબ લોનની માત્રામાં મોટો વધારો થયો છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી બેંકોની આવી લોનની વસુલાતમાં વેગ આવશે. સુપ્રીમ કોર્ટ ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી કોડની નોટિફિકેશનને જાળવી રાખી છે, જે બેંકો અને નાણાકીય સંસ્થાઓને આઈબીસી હેઠળ દેવાની વસુલાત માટે દેવાદાર કંપનીઓ સામે પગલા

SBIએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી

અનિલ અંબાણીની ત્રણ કંપનીઓ પર બેન્કોનુ રૂ. 49,000 કરોડથી વધુનું દેવું છે. ગયા વર્ષે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ અનિલ અંબાણીની રિલાયન્સ એડીએ સુપ્રમી ત્રણ કંપનીઓને 'ફ્રોડ' તરીકે જાહેર કરી હતી. દેશની સૌથી મોટી બેન્ક એસબીઆઈએ આ ત્રણ કંપનીઓ વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. બેન્કે હાઈ કોર્ટને જણાવ્યુ હતુ કે તેમના ઓડિટ દરમિયાન ફંડનો દુરૂપયોગ, ટ્રાન્સફર અને સેરોફેરી કરવામાં આવી છે.

જીડીપી ગ્રોથ માર્ચ ત્રિમાસિકમાં 2 ટકા રહેવાનો આશાવાદઃ ઈકરા

એજેન્સી | મુંબઈ

ગત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ વધી 2 ટકા જ્યારે ગ્રોસ વેલ્યુ-એડેડ 3 ટકા રહેવાની આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. સ્થાનિક રેટિંગ એજન્સી ઈકરાએ નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન જીડીપી ગ્રોથ 8.45 ટકા નેગેટીવ રહેવાની શક્યતા છે. અર્થાત ઈકરાએ એનએસઓ દ્વારા ડમ્પ ડિજિટમાં જીડીપી ઘટાડો અવગણ્યો છે. ઈકરાની ચીફ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે માર્ચ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ડિસેમ્બર ત્રિમાસિકની 0.40 ટકાથી વધી 2 ટકા રહેવાની શક્યતા દર્શાવી છે. જ્યારે જીવીએ ગ્રોથ વધી 3 ટકા એશે. જે ડિસેમ્બર ત્રિમાસિકમાં 1 ટકા હતો. જ્યારે બીજી બાજુ નેશનલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ દ્વારા ચોથા ત્રિમાસિકમાં આર્થિક મંદી વધવાનો આશાવાદ વ્યક્ત થયો છે. જેને ઈકરા દ્વારા ટાળવામાં આવ્યો છે. વધુમાં નાયરે જણાવ્યુ હતુ કે, "અમે સરકાર દ્વારા મોટાપાયે ફાળવવામાં આવેલી સમસિડીની આકારસ્તીની અસરના આધારે ચોથા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથના અંદાજના આધારે જીવીએ વિસ્તરણ વધવાની આગાહી કરી છે. અમે માનીએ

કુલ એફડીઆઈના 37 ટકા રોકાણ ગુજરાતમાં

કેન્દ્ર સરકાર દ્વારા ઉઠ ઓફ ડુઈંગ બિઝનેસ તેમજ રોકાણ માટેના નીતિ-નિયમોમાં સુધારાનો લાભ જોવા મળ્યો છે. તેમાંય દેશમાં નોંધાયેલા કુલ 59.64 અબજ ડોલર વિદેશી રોકાણમાંથી 37 ટકા (આશરે 2.21 હજાર કરોડ ડોલર) રોકાણ સાથે ગુજરાત અવ્વલ રહ્યુ છે. વિદેશી રોકાણકારોએ ગત નાણાકીય વર્ષમાં 19 ટકા વધુ 59.64 અબજ ડોલરનુ રોકાણ કર્યુ છે. ડીકિવટી, રિ-ઈન્વેસ્ટેડ અર્નિંગ્સ, અને ડેપ્રિડેલ સહિત કુલ એકડીઆઈ 2020-21 દરમિયાન 10 ટકા વધી 81.72 અબજ ડોલર નોંધાયુ છે. 2019-2021 74.39 અબજ ડોલરનુ વિદેશી રોકાણ થયુ હતું. જેમાં ઈક્વિટીમાં વિદેશી રોકાણ 2019-2021 49.98 અબજ ડોલર સામે 19 ટકા વધી 59.64 અબજ ડોલર નોંધાયુ છે.

ઈકો કે જીવીએ પ્રદર્શનમાં વલણ વધુ અર્થપૂર્ણ રહેશે. જેની મદદથી આર્થિક રિકવરી વધવાનો આશાવાદ સેવી રહ્યા છીએ.

ગ્લોબલ ગ્રીન એનર્જી ક્ષેત્રની 20% નવી નોકરીઓ એકમાત્ર ભારતમાં

બિઝનેસ સંવાદદાતા | નવીદિલ્હી

ગ્રીન એનર્જી અર્થાત રિન્યુએબલ એનર્જી સેક્ટર ભારતમાં ઝડપથી વિકસી રહ્યુ છે. જાહેર અને ખાનગી રોકાણમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. જેના લીધે દેશમાં રોજગાર વધી રહ્યા છે. ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, 2025 સુધી દેશનુ ગ્રીન એનર્જી સેક્ટર 15 લાખ નવા રોજગારનુ સર્જન કરશે.

એજન્સીના આંકડાઓ મુજબ, 2030 સુધી આ સેક્ટરમાં 30 લાખ નવી નોકરીઓ શરૂ થઈ શકે છે. સ્થાપિત રિન્યુએબલ એનર્જી મામલે ભારત વિશ્વમાં ચોથા સ્થાને છે. નેશનલ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન એન્ડ કાઉન્સિલ ઓન એનર્જી એનવારમેન્ટ એન્ડ વોટરના રિપોર્ટ અનુસાર, ભારતમાં 2014થી

એનર્જી સેક્ટરમાં રોજગારમાં વૃદ્ધિ દર 12 ટકા

મોટા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સિવાય છેલ્લા થોડા વર્ષમાં ગ્રીન એનર્જી સેક્ટરમાં રોજગારી 12 ટકાના દરે વધી છે. વિશ્વમાં ગ્રીન એનર્જીના સેગમેન્ટમાં જારી નવી નોકરીઓમાંથી આશરે 20 ટકા ભારતમાં પેદા થઈ રહી છે. ભારત સરકારના રિન્યુએબલ એનર્જી મંત્રાલયના આંકડા અનુસાર, આગામી વરૂ, સુધી ભારતનુ લક્ષ્ય 175 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પ્રાપ્ત કરવાનુ છે. આ લક્ષ્ય હાંસિલ કરવા માટે મોટાપાયે સરકારી અને ખાનગી સેક્ટરમાં રોકાણ થઈ રહ્યુ છે. જેના લીધે નોકરીઓની સંખ્યા વધી છે.

2019 દરમિયાન રિન્યુએબલ એનર્જી સેગમેન્ટમાં નોકરીઓ પાંચગણી વધી છે. આગામી વર્ષમાં તે વધુ ઝડપથી વધવાનો આશાવાદ છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ મુજબ, 2022 સુધી દેશણાં રિન્યુએબલ એનર્જી સેગમેન્ટમાં 3 લાખ નવી નોકરીઓનુ સર્જન થશે. ભઊિરતમાં હાલ કુલ ઉર્જા ઉત્પાદનમાં સૌર અને પવન ઉર્જાનો હિસ્સો 10-10 ટકા છે. સોલર પાવર જનરેશન ક્રિસેમ્બર-2020ના ત્રિમાસિક સામે 2021ના પ્રથમ ત્રિમાસિકમાં 23 ટકા વૃદ્ધિ થઈ છે. વાર્ષિક ધોરણે તેમાં 14 ટકા વધારો નોંધાયો છે.

2020-21માં સોલર પાવર જનરેશન 21 ટકા વધુ છે. ભારતમાં હાલ ઉત્પાદિત વીજમાં 30 ટકા હિસ્સો ગ્રીન એનર્જી ઉત્પાદિત એનર્જીનો છે. 2030 સુધી આ હિસ્સો 60-65 ટકા થશે. જેની સરેરાશમાં નોકરીઓ વધવાની છે.

કોટન યાર્નનો નફો પોઝિટિવ જોવા મળશે

નવીદિલ્હી| છેલ્લા બે વર્ષથી મંદીનો સામનો કરી રહેલાં કોટન યાર્ન, રેડીમેડ ગારમેન્ટ અને હોમ ટેક્સટાઈલ ક્ષેત્રે આ નાણાકીય વર્ષ (2021-22) દરમિયાન સારી વૃદ્ધિ થવાની અપેક્ષા ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટમાં કોટન સ્પિનર માટે ક્રેડિટ આઉટલુક સકારાત્મક અને આરએમજી તથા હોમ ટેક્સટાઈલ સેક્ટર માટે સ્થિર આઉટલુક આપવામાં આવ્યો છે. એવી ધારણા છે કે કોટન યાર્ન ક્ષેત્રનો નફો પૂર્વ-કોવિડ સ્તર સુધી પહોંચી શકે છે. કાર્યકારી નફો 200-250 બેસિઝ પોઈન્ટથી વધવાની ધારણા છે, જ્યારે કોટન યાર્ન સ્પ્રેડ મજબૂત મોંગને કારણે રૂ. 95 થી વર્ષોને 100 રૂપિયા પ્રતિ કિલો થવાનો સંકેત છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ (2022) લો બેઝના કારણે વિવેકપૂર્ણ ખર્ચ સામાન્ય થતાં રેડીમેડ ગાર્મેન્ટ (આરએમજી)ની આવકમાં વધારો થવાની ધારણા છે.

ક્રૂડ તેલમાં તેજીનો માહોલઃ મેટલ્સ માર્કેટમાં એકતરફી તેજીને કામચલાઉ બ્રેક લાગી

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્સ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં 1,58,420 સોદાઓમાં કુલ રૂ.12,081.53 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો. એમસીએક્સ પર સોનાનો વાયદો 10 ગ્રામદીઠ રૂ.139 અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.556 વધ્યો હતો. નિકલ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીના માહોલ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં રબર, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈ હતી, જ્યારે કપાસ અને કોટનમાં સુધારાનો સંચાર થયો હતો. કીમતી ધાતુઓના સૂચકાંક બુલ્લેક્સના મે વાયદામાં 77 પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલ્કેક્સના જૂન વાયદામાં 124 પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓમાં એમસીએક્સ ખાતે સોના-ચાંદીમાં ૪૪,૩૩ સોદાઓમાં કુલ રૂ.4,248.82 કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.48,450ના ભાવે ખુલી, રૂ.48,622 અને નીચામાં રૂ.48,368ના સ્તરને સ્પર્શી, પ્રથમ સત્રનાં અંતે રૂ.139 સમવા 0.29 ટકા વધી રૂ.48,543ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ 8 ગ્રામદીઠ રૂ.92 અથવા 0.24 ટકા વધી રૂ.38,861 અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ 1 ગ્રામદીઠ રૂ.5 અથવા 0.1 ટકા વધી રૂ.4,783ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.48,544 ખુલી, રૂ.140 અથવા 0.29 ટકા વધી રૂ.48,508ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો 1 કિલોગ્રામદીઠ રૂ.71,517ના ભાવે ખુલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.71,744 અને નીચામાં રૂ.71,605ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

સોફ્ટ ડ્રિન્ક ઇન્ડ.ની આવક પ્રિ-કોવિડ સ્તરે પહોંચી જશે

બિઝનેસ સંવાદદાતા | મુંબઈ

નાણાકીય વર્ષ 2021-22માં દેશની સોફ્ટ ડ્રિન્ક ઈન્ડસ્ટ્રીઝ બનાવતી કંપનીઓની આવક કોવિડ-19 મહામારીના પ્રિ-સ્તરે પહોંચવાની શક્યતા નકિચત છે. ક્રિસિલ રેટિંગ્સના રિપોર્ટ અનુસાર, કોવિડ-19ની બીજી લહેરે સોફ્ટ ડ્રિન્કની માગ પર અસર કરી રહી છે. 2020-21માં સોફ્ટ ડ્રિન્ક કંપનીઓની આવક 20 ટકા ઘટી હતી.

ટોકિયો કાયમાના લિમિટેડ
રજી. ઓફિસઃ ઘર નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, કોબી ગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L65923DD1994PLC009783
વેબસાઈટઃ www.tokyofinance.in
ટેલિ.: +91-22-61453300,
ફેક્સઃ +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન ૪૭ને નિયમન 29 સાથે વંચાતી સ્ટોક એક્સચેન્જો અને જાહેર કરવાની જરૂરિયાતની ઘટી નિયમો 2015ની નોટીસ આથી જાહેર કરવામાં આવે છે કે, 31 માર્ચ, 2021